**દાખલ તારીખઃ– ૦૯/૦૩/૨૦૨૬.**
**રજી.તારીખઃ– ૦૯/૦૩/૨૦૨૬.**
**ફેસલ તારીખઃ– ૧૧/૦૩/૨૦૨૬.**
**સમય ગાળોઃ– વર્ષ માસ દિવસ**

**<u>રાજકોટ જિલ્લાનાં મહે. ૭ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામઃ જેતપુર</u>.**

**ફોજ. પર. અરજી નં. ૯૫/૨૦૨૬.**
**આંકઃ–**

**(૧) હર્ષવર્ધન શિવરાજસિંહ મદનસિંહ શેખાવત**
**ઉ.આ.વ. ૨૧, ધંધોઃ અભ્યાસ,**
**રહે. મુ. ગળપાદર, તા. ગાંધીધામ, જિ. કચ્છ..........અરજદાર.**

**વિરૂદ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત**
**થૃ એ.જી.પી.શ્રી, જેતપુર..............................સામાવાળા.**

**બાબતઃ–<u>બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી</u>.**

**<u>અરજદાર તરફે વિ. વ. શ્રી પી. વી. ભટ્ટી</u>.**
**<u>સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા</u>.**

**<u>ઠ રા વ</u>**

**(૧)** અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ રજૂ કરી વિરપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૦૫૫/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ તથા બી.એન.એસ. કલમ–૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) મુજબનાં ગુનાના કામે અરજીમાં જણાવેલ જુદા જુદા કારણોને લક્ષમાં રાખી રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલ છે.

**(૨)** અરજદારની અરજી તેમજ બંને પક્ષકારોનાં વિ. વ. શ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી. તપાસ કરનાર અમલદારશ્રીએ રજૂ રાખેલ સોગંદનામું વંચાણે લીધું.

**(૩)** અરજદારના વિ. વ. શ્રીએ રજૂઆત કરેલ છે કે, અરજદાર નિર્દોષ

છે, અરજદારને આ ગુનાના કામે તા. ૨૬/૦૨/૨૦૨૬ નાં રોજ અટક કરવામાં આવેલ ત્યારથી તેઓ જયુડીશિયલ કસ્ટડીમાં છે. અરજદારે ચાર્જ અન્વયેનો કોઈ ગુનો કરેલ નથી. અરજદારને ગુનામાં સીધી કે આડકતરી રીતે સાંકળી શકાય તેવો કોઇ પ્રથમદર્શનિય કેસ નથી. અરજદાર મુદામાલ સબંધી કાંઇ જાણતા નથી કે અરજદારનાં કબજા ભોગવટામાંથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. વધુમાં તેઓએ એવી રજૂઆત કરેલ છે કે, અરજદાર કુટુંબમાં એક માત્ર કમાનાર વ્યકિત છે, નાની ઉંમરના છે, અરજદાર પર પોતાનાં પરિવારના સભ્યોના ભરણપોષણની જવાબદારી છે. અરજદાર ટ્રાયલ દરમિયાન નિયમીત હાજર રહેશે. નામદાર અદાલત ફરમાવે તેવી શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે વિગેરે હકીકતો જણાવી અરજદારને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) આ અદાલત દ્ધારાં સામાવાળાને નોટીસ કાઢવામાં આવતાં શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા હાજર થયેલ છે તેઓએ જણાવેલ છે કે, હાલમાં ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં આવા પ્રકારનાં આરોપીઓનાં કારણે રાજ્યનું યુવાધન નશાની લતે ચડી જાય છે અને જો આવા પ્રકારનાં આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ફરીથી આવા પ્રકારનાં ગુના આચરશે અને કેસ ચાલતા ભવિષ્યમાં હાજર રહેશે નહીં જેથી ટ્રાયલ પણ લંબાવાની શક્યતાઓ હોઈ તેમજ આરોપી સામે બી.એન.એસ. કલમ-૧૧૧ મુજબનાં ગુનાનાં પણ આક્ષેપો છે જેમાં આજીવન કેદની સજાની જોગવાઈ છે તે તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીને જામીન ઉપર મુકત ન કરવા રજૂઆત કરેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીએ રજૂ રાખેલ સોગંદનામુ વંચાણે લીધેલ છે.

(૫) હાલનાં અરજદાર સામે આક્ષેપાયેલ ગુનાની ગંભીરતા, ગુનાની સજાની જોગવાઈ, બંને પક્ષોનાં વિ. વ. શ્રીઓની રજૂઆતો, રજૂ થયે કેસ પેપર્સ તેમજ તપાસ કરનાર અમલદારશ્રી તરફે રજૂ થયેલ સોગંદનામું ધ્યાને લીધું.

વધુમાં હાલનાં કામે રજૂ થયેલ પેપર્સ ધ્યાને લેવામાં આવે તો જો કે હાલનાં આરોપી વિરૂદ્ધ અગાઉ ક્યારે કોઈ ગુના નોંધાયેલ નથી તે હકીકત ધ્યાને લેતાં તેમજ હાલનાં આરોપી વિરૂદ્ધ જે દારૂ ભરેલ ટ્રક જતી હતી તે ટ્રકનું

પાયલોટીંગ કરવાનો ફરિયાદપક્ષનો આક્ષેપ છે જો કે હાલનાં આરોપી કે અન્ય આરોપીનાં કબજા ભોગવટામાંથી કોઈ મુદ્દામાલ દારૂ મળી આવેલ નથી તે હકીકત ધ્યાને લેતાં તેમજ આ કામનાં આરોપી સામે પ્રોહીબીશનની કલમોની સાથે સાથે બી.એન.એસ. ની કલમ–૧૧૧ ની અલગ અલગ જોગવાઈઓ હેઠળ એફ.આઈ.આર. નોંધાયેલ છે. ફરિયાદ તથા તપાસના કાગળો જોતાં હાલનાં અરજદાર/આરોપી સામે વિદેશી દારૂના જથ્થા સાથે જે ટ્રક સહઆરોપીઓ લઈને બનાવવાળી જગ્યા પાસેથી જતા હતાં તે વાહનનું હાલનાં અરજદાર તથા અન્ય સહઆરોપીઓ પોતાનાં કબજાનાં વાહન દ્વારાં પાયલોટીંગ કરતાં હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે. આમ, હાલનાં અરજદાર/આરોપીનાં પ્રત્યક્ષ કબજામાંથી કોઈ વિદેશી દારૂનો જથ્થો મળી આવેલ નથી. આ ઉપરાંત બી.એન.એસ. કલમ–૧૧૧ મુજબ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ અંગેની એફ.આઈ.આર. નોંધાયેલ છે તે બાબતે તપાસનાં કાગળોમાં ત. ક. અમલદારનું સોગંદનામું ધ્યાને લેતાં હાલનાં અરજદાર/આરોપી અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલ હોય અને તેઓ વિરૂદ્ધ અન્ય કોઈ સજાનેપાત્ર ગુનો નોંધાયેલ હોય તેવી કોઈ હકીકત સોગંદનામામાં ફરિયાદપક્ષ દ્વારાં જાહેર કરેલ નથી તેમજ નામદાર સુપ્રિમકોર્ટનાં **(૧) ૨૦૧૨(૧) સુ.કો.કે. ૪૦, સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ.** નાં ચૂકાદાઓમાં કરેલ અવલોકનો ધ્યાને લેતાં બેલ એ નિયમ અને જેલ તે અપવાદના સિદ્ધાંતોને લક્ષમાં લઈ અરજદારને યોગ્ય રકમના શરતી જામીન પર મુકત કરવા વ્યાજબી જણાતું હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**(૧)** આ કામનાં અરજદાર/આરોપીની બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી આથી શરતી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદારને તેમની વિરૂદ્ધ નોંધાયેલ વિરપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૦૫૫/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ તથા બી.એન.એસ. કલમ–૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) મુજબનાં ગુના સબબ **અરજદારે રૂા. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા સબંધિત ટ્રાયલ અદાલત સમક્ષ ટ્રાયલકોર્ટને

સંતોષકારક જણાય તે રીતે નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

<u>**શ ર તોઃ**</u>**–**

**એ.** અરજદારે ફરિયાદપક્ષનાં સાહેદોને ફોડવા નહીં કે ધાક ધમકી આપવી નહીં.

**બી.** અરજદારે સબંધિત અદાલતની પૂર્વ પરવાનગી સિવાય **ગુજરાત** રાજયની હદ છોડવી નહી.

**સી.** અરજદારે નામદાર સબંધિત અદાલતમાં જામીન આપતી વખતે પોતાનું કાયમી રહેણાંકનુ સરનામું દસ્તાવેજી પુરાવાથી જાહેર કરવું અને તેમાં નામદાર સબંધિત અદાલતની પૂર્વ પરવનાગી વગર ફેરફાર કરવો નહીં.

**ડી.** અરજદારે ફરીવાર આવા પ્રકારનું કોઈ ગુનાહિત કૃત્ય કરવું નહીં.

**ઈ.** અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધિત અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તે અંગેની હકીકત સોગંદનામાં ઉપરજાહેર કરવી.

(૩) અરજદારે જામીન સબંધિત ટ્રાયલ કોર્ટમાં આપવાનાં રહેશે.

(૪) ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત નીચેની ટ્રાયલ કોર્ટ તથા સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.

આ હુકમ આજરોજ **તા. ૧૧, માહે–માર્ચ, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(**Code No.GJ**00727)